હઝરત નૂહ عليه السلام

હઝરત નૂહ عليه السلام અલ્લાહના મહાન પયગંબર અને દઢ-નિર્ધાર રસૂલો (ઈશદૂતો)માંથી હતા. આપ આદમે-સાની (દ્વિતીય આદમ)ના નામથી મશહૂર છે. કેટલાક આલિમો (ઇસ્લામી વિદ્વાનો)ના કથનો અનુસાર આપનો જન્મ હઝરત આદમ عليه السلام ના એકસો છત્રીસ વર્ષ પછી થયો. અમુક હદીસો મુજબ આદમ અને નૂહની વચ્ચે દસ સદીઓ કે દસ પેઢીઓનું અંતર છે, જ્યારે કે કેટલીક હદીસોમાં 'દસ કર્ન' ના શબ્દોનો ઉલ્લેખ છે. 'કર્ન'થી અભિપ્રેત જો 'પેઢી' લેવામાં આવે, તો એ જમાનામાં એક પેઢી કેટલાય વર્ષો જીવતી રહેતી હતી, તેથી આ અંતર વધીને હજારો વર્ષો પર ફેલાઈ જાય છે. (અલ્લાહ જ વધારે સારી રીતે જાણે છે કે હકીકત શું છે.)

નૂહની કોમ (જાતિ)માં મૂર્તિપૂજાનો આરંભ :

કુર્આનમાં નૂહની કોમની મૂર્તિઓના નામોનો ઉલ્લેખ છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ وَقَالُوا۟ لَا تَذَرُنَّ ءَالِهَتَكُمْ وَلَا تَذَرُنَّ وَدًّا وَلَا سُوَاعًا وَلَا يَغُوثَ وَيَعُوقَ وَنَسْرًا ﴿٢٣﴾ ﴾ نوح: ٢٣

અનુવાદ : ''તેમણે કહ્યું : કદાપિ ન છોડો પોતાના ઉપાસ્યોને, અને ન છોડો વદ્દ, અને સુવાઅને, અને ન યગૂષ અને યઊક અને નસ્રને.'' (સૂરઃ નૂહ, આ.૨૩)

મૂર્તિપૂજાનો આરંભ હઝરત નૂહ عليه السلام ની કોમથી થયો. વદ્દ, સુવાઅ, યગૂષ, યઊક અને નસ્ર કોમના સદાચારી લોકોના નામ છે. તેઓ અલ્લાહવાળા બંદાઓ હતા. જ્યારે તેમનું અવસાન થતું, તો આખી કોમ દુ:ખી થઈ જતી. શૈતાન આવતો અને કહેતો કે શા માટે તેમનાં ચિત્રો બનાવીને તેમના સ્મારકની સ્થાપના કરવામાં ન આવે ? લોકોને આ અભિપ્રાય પસંદ આવ્યો અને એ રીતે લોકો તેમને સારા નામથી યાદ કરતા. લાંબો જમાનો વીતી ગયા પછી જ્યારે તેમની અન્ય પેઢીઓ આવતી, તો તેઓ હકીકતથી અજાણ માત્ર રીત-રિવાજ રૂપે તે ચિત્રોથી શ્રદ્ધા રાખતા અને એ સ્મારકોને મજબૂત બનાવવા માટે શૈતાન તેમની પ્રતિમાઓ બનાવડાવતો. આ રીતે ધીમે-ધીમે લોકો એ મૂર્તિઓની સાથે ઈશ્વરના ગુણોને જોડી દેતા અને એ શ્રદ્ધા રાખવા લાગતા કે તેમનાથી જ આપણને રોજી મળે છે, આ જ દાતા છે, તેમના કારણે જ વરસાદ થાય છે, અને પછી તેમને ખુશ કરવા અને તેમની નારાજગીથી બચવા માટે અનેક અનેકેશ્વરવાદી કાર્યો કરવા લાગતા.

હઝરત નૂહ عليه السلام નો સંદેશ અને આમંત્રણ :

હઝરત નૂહ عليه السلام એ જ્યારે પોતાની કોમની મૂર્તિપૂજા જોઈ, તો એક અલ્લાહની ઇબાદત (ઉપાસના) અને બંદગી (પૂજા-અર્ચના)નું આમંત્રણ આપવાનું શરૂ કર્યું. કુર્આનના શબ્દોમાં :

www.uzairfalahi.com

﴿لَقَدْ أَرْسَلْنَا نُوحًا إِلَىٰ قَوْمِهِۦ فَقَالَ يَٰقَوْمِ ٱعْبُدُوا۟ ٱللَّهَ مَا لَكُم مِّنْ إِلَٰهٍ غَيْرُهُۥٓ إِنِّىٓ أَخَافُ عَلَيْكُمْ عَذَابَ يَوْمٍ عَظِيمٍ ﴿٥٩﴾﴾ الأعراف: ٥٩

અનુવાદ : ''હે મારી કોમના ભાઈઓ ! અલ્લાહની બંદગી કરો, તેના સિવાય તમારો કોઈ ઉપાસ્ય નથી. હું તમારા માટે એક ભયાનક દિવસના અઝાબ (યાતના)થી ડરું છું.'' (સૂરઃ આ'રાફ, આ.૫૯)

હઝરત નૂહ ﷺ ના આમંત્રણ પર કેટલાક ગરીબ અને નબળા લોકો ઈમાન લાવ્યા, જ્યારે કે કોમના આગેવાનો અને ધનવાન વર્ગે આપની હાંસી ઉડાવી અને આપના આમંત્રણનો નિરંતર ઈન્કાર કરતા રહ્યા. કુર્આને આને આ રીતે નોંધેલ છે :

﴿نَرَىٰكَ إِلَّا بَشَرًا مِّثْلَنَا وَمَا نَرَىٰكَ ٱتَّبَعَكَ إِلَّا ٱلَّذِينَ هُمْ أَرَاذِلُنَا بَادِىَ ٱلرَّأْىِ وَمَا نَرَىٰ لَكُمْ عَلَيْنَا مِن فَضْلٍۭ بَلْ نَظُنُّكُمْ كَٰذِبِينَ ﴿٢٧﴾﴾ هود: ٢٧

અનુવાદ : ''અમારી દૃષ્ટિએ તો તમે આ સિવાય કંઈ નથી કે બસ માત્ર એક મનુષ્ય છો અમારા જેવા અને અમે જોઈ રહ્યા છીએ કે અમારી કોમમાંથી માત્ર તે લોકોએ, જેઓ અમારા ત્યાં નીચ હતા, વિના વિચાર્યે તમારું અનુસરણ અપનાવી લીધું છે અને અમે કોઈ પણ વસ્તુ એવી જોતા નથી જેમાં તમે લોકો અમારાથી સહેજ પણ ચઢિયાતા હોવ, બલ્કે અમે તો તમને જૂઠા સમજીએ છીએ.'' (સૂરઃ હૂદ, આ.૨૭)

હઝરત નૂહ ﷺ પોતાની કોમના આ તકલીફદાયક વર્તનથી જરા પણ નિરાશ ન થયા, બલ્કે દિવસ-રાત તેમને અલ્લાહ તરફ બોલાવતા રહ્યા. તેમને સમજાવવા માટે તેમણે દરેક પ્રકારના પ્રયાસ કર્યા. અલગ-અલગ મળીને તેમને ચુપકે-ચુપકે સમજાવ્યા, સામૂહિક રીતે પણ જાહેરમાં પોકારી-પોકારીને સમજાવ્યા. નરમાશ અને પ્રેમથી અલ્લાહ તરફ બોલાવ્યા. આખિરતની યાતનાથી ડરાવીને અલ્લાહ તરફ આવવાની શિખામણ આપી. પરંતુ કોમ ટસથી મસ ન થઈ. આપ જેટલા તેમને અલ્લાહની બંદગી તરફ બોલાવતા તેઓ પોતાના કુફ્રમાં એટલા જ વધારે ગ્રસ્ત થતા જતા હતા. કોમના આગેવાનોએ એક દિવસ હઝરત નૂહ ﷺ ને કહ્યું કે આ ગરીબો અને નિમ્ન કોટિના લોકોની સાથે અમે નથી બેસી શકતા, તેમને તમે પોતાની પાસેથી હટાવી દો, તો અમે તમારા પાસે આવીએ. પરંતુ હઝરત નૂહ ﷺ એ તેમના ઘમંડભર્યા વ્યવહાર તરફ ધ્યાન ન આપીને સાફ-સાફ કહી દીધું કે આવું કેવી રીતે થઈ શકે છે ? આ લોકો અલ્લાહ પર ઈમાન લાવ્યા છે, હું તમારા જેવા અજ્ઞાનીઓ માટે તેમને મારાથી અલગ કરીને અલ્લાહનો ગુનેગાર નથી બની શકતો. કોમના આગેવાનો આ જવાબ સાંભળીને ગુસ્સામાં આવી ગયા અને તેમણે જે કહ્યું તેને કુર્આને આ પ્રમાણે નોંધેલ છે :

﴿قَالَ ٱلْمَلَأُ مِن قَوْمِهِۦٓ إِنَّا لَنَرَىٰكَ فِى ضَلَٰلٍ مُّبِينٍ ﴿٦٠﴾﴾ الأعراف: ٦٠

www.uzairfalahi.com

અનુવાદ : ''અમને એ દેખાઈ રહ્યું છે કે તમે સ્પષ્ટ પથભ્રષ્ટતામાં ગ્રસ્ત છો.'' (સૂરઃ આ'રાફ, આ.૬૦)

આનો જે જવાબ હઝરત નૂહ ﷺ એ પોતાની કોમના આગેવાનોને આપ્યો તેનો પણ કુર્આનમાં ઉલ્લેખ છે :

﴿ قَالَ يَٰقَوۡمِ لَيۡسَ بِي ضَلَٰلَةٞ وَلَٰكِنِّي رَسُولٞ مِّن رَّبِّ ٱلۡعَٰلَمِينَ ﴿٦١﴾ أُبَلِّغُكُمۡ رِسَٰلَٰتِ رَبِّي وَأَنصَحُ لَكُمۡ وَأَعۡلَمُ مِنَ ٱللَّهِ مَا لَا تَعۡلَمُونَ ﴿٦٢﴾ ﴾ الأعراف: ٦١ - ٦٢

અનુવાદ : ''નૂહે કહ્યું : હે મારી કોમના ભાઈઓ ! હું કોઈ પથભ્રષ્ટતામાં ગ્રસ્ત નથી, બલ્કે હું રબ્બુલ આલમીન (સૃષ્ટિઓના પ્રભુ-પાલનહાર)નો રસૂલ છું. તમને તમારા રબનો સંદેશ પહોંચાડું છું. તમારો હિતેચ્છુ છું અને હું અલ્લાહ તરફથી એ બધું જાણું છે, જે તમે નથી જાણતા.'' (સૂરઃ આ'રાફ, આ.૬૧-૬૨)

આ જ પરિસ્થિતિમાં હઝરત નૂહ ﷺ દીનનું આમંત્રણ આપતા રહ્યા. એક બે-દિવસ નહીં, કે એક-બે વર્ષ નહીં, બલ્કે સાડા નવસો વર્ષ સુધી લોકોને અલ્લાહ તરફ બોલાવતા રહ્યા. આ બાજુ લોકોની સ્થિતિ એ થઈ ગઈ કે આપ જ્યારે કોઈ વાત કહેતા, તો લોકો પોતાના કાનોમાં આંગળીઓ ખોસી લેતા. જ્યારે આપ કોઈની પાસે જતા, તો તે કપડું પોતાના ચહેરા પર ઢાંકી લેતો કે ક્યાંક ઓળખી ન લે, ત્યાં સુધી કે મરવાવાળો પોતાના નાનાઓને વસિયત કરીને જતો કે મારા પછી નૂહની વાતો કદાપિ ન સાંભળજો અને ન તો તેના પર ઈમાન લાવજો. છેવટે આપની કોમે અઝાબની માગણી કરી દીધી, જેને કુર્આને આ શબ્દોમાં વર્ણવ્યું છે :

﴿ قَالُواْ يَٰنُوحُ قَدۡ جَٰدَلۡتَنَا فَأَكۡثَرۡتَ جِدَٰلَنَا فَأۡتِنَا بِمَا تَعِدُنَآ إِن كُنتَ مِنَ ٱلصَّٰدِقِينَ ﴿٣٢﴾ ﴾ هود: ٣٢

અનુવાદ : ''છેવટે એ લોકોએ કહ્યું કે હે નૂહ ! તમે અમારા સાથે ઝઘડો કર્યો અને ખૂબ કરી લીધો. હવે તો બસ, એ અઝાબ લઈ આવ, જેની તમે અમને ધમકી આપો છો, જો તમે સાચા છો.'' (સૂરઃ હૂદ, આ.૩૨)

હઝરત નૂહ ﷺ એ તેમને આ સાહસ પર ચેતવણી આપી અને કહ્યું કે અઝાબ લાવવો મારા વશમાં નથી. એ તો અલ્લાહ તઆલાની મરજી પર આધારિત છે. પરંતુ હા, જાણી લો કે જ્યારે અઝાબ આવી જશે, તો તમે તેને ટાળી નહીં શકો. હઝરત નૂહ ﷺ એ કોમની સ્થિતિ જોઈને અલ્લાહને ફરિયાદ કરી કે હે અલ્લાહ ! મેં તો દરેક પ્રકારની કોશિશ કરીને જોઈ લીધું, આ લોકો મને નિરંતર ખોટો ઠેરવતા જઈ રહ્યા છે. તું અમારા અને તેમના વચ્ચે નિર્ણય કરી નાખ. અલ્લાહ તઆલાએ હઝરત નૂહ ﷺ ને ફરમાવ્યું :

﴿ وَأُوحِيَ إِلَىٰ نُوحٍ أَنَّهُۥ لَن يُؤۡمِنَ مِن قَوۡمِكَ إِلَّا مَن قَدۡ ءَامَنَ فَلَا تَبۡتَئِسۡ بِمَا كَانُواْ يَفۡعَلُونَ ﴿٣٦﴾ ﴾ هود: ٣٦

અનુવાદ : ''તમારી કોમમાંથી જે લોકો ઈમાન લાવી ચૂક્યા, બસ તે લાવી ચૂક્યા, હવે કોઈ માનવાવાળું નથી. તેમના કરતૂકો પર દુઃખી થવાનું છોડી દો'' (સૂરઃ હૂદ, આ.૩૬)

www.uzairfalahi.com

આ આયતમાં અલ્લાહ તઆલાએ હઝરત નૂહ ﷺ ને સાંત્વના આપી છે અને કોમના અત્યંત તકલીફદાયક વર્તન પર દુઃખી ન થવાની શિખામણ આપતાં ફરમાવ્યું છે કે જેમને ઈમાન લાવવાનું હતું તેઓ લાવી ચૂક્યા, હવે તેમના સિવાય કોઈ ઈમાન નહીં લાવે. આ ઈશારો હતો કે હવે આ કોમમાં કોઈ ભલાઈ નથી. ટૂંક સમયમાં જ તેમનું કામ તમામ કરી નાખવામાં આવશે. આમ, જ્યારે હઝરત નૂહ ﷺ સાડા નવસો વર્ષના અનથક સંઘર્ષ પછી પ્રમાણ સ્થાપી દીધું અને દલીલ પૂરી કરી નાખી અને એ વિશ્વાસ થઈ ગયો કે હવે તેમના પર વધારે મહેનત કવી નિરર્થક છે, તો તેમના માટે આ શબ્દોમાં બદ્-દુઆ કરી :

﴿رَّبِّ لَا تَذَرْ عَلَى ٱلْأَرْضِ مِنَ ٱلْكَٰفِرِينَ دَيَّارًا ﴿٢٦﴾ إِنَّكَ إِن تَذَرْهُمْ يُضِلُّوا۟ عِبَادَكَ وَلَا يَلِدُوٓا۟ إِلَّا فَاجِرًا كَفَّارًا ﴿٢٧﴾﴾ نوح: ٢٦ - ٢٧

અનુવાદ : ‘‘મારા રબ ! આ કાફિરોમાંથી કોઈને ધરતી પર વસવાવાળો ન છોડ. જો તેં તેમને છોડી દીધા, તો આ તારા બંદાઓને પથભ્રષ્ટ કરશે અને તેમની પેઢીથી જે પણ પેદા થશે તે દુરાચારી અને કટ્ટર કાફિર હશે.’’

(સૂરઃ નૂહ, આ.૨૬-૨૭)

અલ્લાહ તઆલાએ હઝરત નૂહ ﷺ ની બદ્-દુઆ કબૂલ કરી અને ફરમાવ્યું કે જુઓ, અઝાબનો નિર્ણય થઈ ચૂક્યો છે અને તેમાં એ બધા લોકોને નષ્ટ કરી નાખવામાં આવશે, જેઓ ઈમાનવાળાઓમાંથી નથી, તેથી અઝાબને જોઈને તમે તેમાંથી કોઈની પણ ભલામણ ન કરજો. હવે તમે મારા માર્ગદર્શન મુજબ એક નૌકા બનાવો, જેના દ્વારા અમે ઈમાનવાળાઓને બચાવી લઈશું :

﴿وَٱصْنَعِ ٱلْفُلْكَ بِأَعْيُنِنَا وَوَحْيِنَا وَلَا تُخَٰطِبْنِى فِى ٱلَّذِينَ ظَلَمُوٓا۟ ۚ إِنَّهُم مُّغْرَقُونَ ﴿٣٧﴾﴾ هود: ٣٧

અનુવાદ : ‘‘અને અમારી દેખરેખમાં અમારી વહી અનુસાર એક નૌકા બનાવવાનું શરૂ કરી દો અને જુઓ, જે લોકોએ અત્યાચાર કર્યો છે, તેમના માટે મારા પાસે કોઈ ભલામણ ન કરજો. તે બધાં જ હવે ડૂબવાવાળા છે.’’

(સૂરઃ હૂદ, આ.૩૭)

આમ, અલ્લાહની આજ્ઞાનુસાર આપ ﷺ એ નૌકા બનાવવાનું શરૂ કર્યું. અલ્લાહના અઝાબને પાત્ર કોમને હઝરત નૂહ ﷺ ની હાંસી ઉડાવવા માટે એક સાધન વધારે મળી ગયું. તેઓ આપને નૌકા બનાવતા જોઈને કહેતા કે આ લો ! ન નદી, ન સમુદ્ર, સૂકી રેતમાં નૌકા ચલાવવામાં આવશે. આપ ﷺ તેમના અતિરેકો પર ધૈર્ય કરીને નૌકા બનાવતા રહ્યા :

﴿وَيَصْنَعُ ٱلْفُلْكَ وَكُلَّمَا مَرَّ عَلَيْهِ مَلَأٌ مِّن قَوْمِهِۦ سَخِرُوا۟ مِنْهُ ۚ قَالَ إِن تَسْخَرُوا۟ مِنَّا فَإِنَّا نَسْخَرُ مِنكُمْ كَمَا تَسْخَرُونَ ﴿٣٨﴾﴾ هود: ٣٨

www.uzairfalahi.com

અનુવાદ : ‘‘નૂહ હોડી બનાવી રહ્યો હતો અને તેની કોમના આગેવાનોમાંથી જે કોઈ તેના પાસેથી પસાર થતો હતો, તે તેની મજાક ઉડાવતો હતો. તેણે કહ્યું, ‘‘જો તમે અમારા પર હસો છો તો અમે પણ તમારા પર હસી રહ્યા છીએ.’’ (સૂરઃ હૂદ, આ.૩૮)

જ્યારે તોફાનનો સમય નજીક આવી ગયો, તો અલ્લાહ તઆલાએ આદેશ કર્યો કે તમામ ઈમાનવાળાઓને આમાં સવાર કરી લો અને દરેક પ્રાણીના એક-એક જોડા (નર અને માદા)ને પણ સવાર કરી લો. તોફાન કઈ રીતે આવ્યું તેનું ચિત્ર અલ્લાહ તઆલાએ આ રીતે ખેંચ્યું છે :

﴿ فَفَتَحْنَآ أَبْوَٰبَ ٱلسَّمَآءِ بِمَآءٍ مُّنْهَمِرٍ ﴿١١﴾ وَفَجَّرْنَا ٱلْأَرْضَ عُيُونًا فَٱلْتَقَى ٱلْمَآءُ عَلَىٰٓ أَمْرٍ قَدْ قُدِرَ ﴿١٢﴾ ﴾ القمر: ١١

અનુવાદ : ‘‘ત્યારે અમે મુસળધાર વરસાદથી આકાશના દરવાજા ખોલી દીધા અને જમીનને ફાડીને સ્રોતો અને ઝરણાઓમાં પરિવર્તિત કરી દીધા આ બધું પાણી એ કામ કરવામાં ભળી ગયું, જે ભાગ્ય બની ચૂક્યું હતું.’’
(સૂરઃ કમર, આ.૧૧-૧૨)

આકાશમાંથી જોરદાર અવિરત વરસાદ વરસતો રહ્યો અને જમીન ફાટીને સ્રોત બની ગઈ. તત્કાળ દરેક બાજુ પાણી જ પાણી દેખાવા લાગ્યું, જેમાં કોમ ડૂબવા લાગી. પાણી એટલું બધું વધારે હતું કે તેના મોજાઓ પહાડો જેટલા ઊંચા હતા. લોકો પહાડો તરફ ભાગ્યા. તેમને એવું હતું કે પાણી પહાડો સુધી પહોંચી શકશે નહીં. પરંતુ આ સાર્વજનિક તોફાન હતું. આ અલ્લાહનો અઝાબ હતો – જોત-જોતામાં પહાડો પણ ડૂબી ગયા. આ પ્રસંગે હઝરત નૂહ عليه السلام ને તેમનો કાફિર પુત્ર પાણીમાં ઘેરાયેલો દેખાયો. હઝરત નૂહ عليه السلام એ કહ્યું કે આવો, બેટા ! નૌકામાં બેસી જાઓ અને કાફિરોનો સાથ છોડી દો. પરંતુ વાહ રે વફાદારી ! આ ભયાનક તોફાનમાં પણ તેની આંખ ન ખુલી શકી, તે બોલ્યો : હું કોઈ પહાડ પર ચઢીને પાણીથી બચી જઈશ, પરંતુ તમારા પાસે નહીં આવું, ન ઈમાન લાવીશ. હઝરત નૂહ عليه السلام એ કહ્યું : બેટા ! આજે અલ્લાહના અઝાબથી કોઈ વસ્તુ નહીં બચાવી શકે. એકાએક એક મોજું આવ્યું અને તે ડૂબીને નામ-નિશાન વગરનો થઈ ગયો. અલ્લાહના આદેશથી તોફાન સમાપ્ત થયું. કુર્આનમાં છે :

﴿ وَقِيلَ يَٰٓأَرْضُ ٱبْلَعِى مَآءَكِ وَيَٰسَمَآءُ أَقْلِعِى وَغِيضَ ٱلْمَآءُ وَقُضِىَ ٱلْأَمْرُ وَٱسْتَوَتْ عَلَى ٱلْجُودِىِّ ۖ وَقِيلَ بُعْدًا لِّلْقَوْمِ ٱلظَّٰلِمِينَ ﴿٤٤﴾ ﴾ هود: ٤٤

અનુવાદ : ‘‘આદેશ થયો, હે જમીન ! પોતાનું બધું પાણી પી જા, અને હે આકાશ ! અટકી જા. આમ, પાણી જમીનમાં બેસી ગયું, નિર્ણય લાગુ કરી દેવામાં આવ્યો, નૌકા ‘જૂદી’ (પહાડ) પર રોકાઈ ગઈ, અને કહી દેવામાં આવ્યું કે દૂર થઈ ગઈ અત્યાચારીઓની કોમ !’’ (સૂરઃ હૂદ, આ.૪૪)

તોફાન પછી હઝરત નૂહ عليه السلام ની નૌકા જૂદી નામના પહાડ પર જઈને રોકાઈ ગઈ અને અલ્લાહના આદેશથી હઝરત નૂહ عليه السلام અને તેમના સાથીઓ નૌકાથી ઊતર્યા અને ફરીથી જીવન શરૂ કર્યું.

www.uzairalahi.com

હકીકતો અને બોધપાઠ :

- માનવ-જાતે આમ તો પોતાની યાત્રાનો આરંભ વહી (દિવ્ય પ્રકાશના) અને રિસાલત (ઈશદૂતત્વ)થી કર્યો અને લાંબા ગાળા સુધી તૌહીદ (એકેશ્વરવાદ) પર અમલ કરતી રહી, પરંતુ શિર્ક (અનેકેશ્વરવાદ)ની બીમારી એટલી ચેપી છે કે માર્ગદર્શનની સામગ્રી દરેક રીતે ઉપલબ્ધ રહેતી હોવા છતાં માનવી શિર્કની જીવલેણ બીમારીમાં ગ્રસ્ત થઈ જાય છે. આ સમગ્ર મામલો જાગૃતિ અને ગફલતનો હોય છે. જાગૃતિ અને સભાનતાની સ્થિતિ નિરંતર અભ્યાસ માંગે છે. આ વાસ્તવમાં સતત ચઢાણ સમાન છે કે જરા પણ રોકાયા, તો વિસ્મરણ છવાવા લાગે છે. આ વિસ્મરણ ગફલતની પ્રસ્તાવના હોય છે, અને જ્યાં ગફલત છવાવા લાગે, ત્યાં ઊંચાઈ પડતીમાં બદલાઈ જાય છે. ચિંતન-મનન અને સંશોધનની જગ્યાએ આંધળું અનુકરણ અને રીત-રિવાજોનું વર્ચસ્વ થઈ જાય છે. નિર્ધાર અને હિંમતની જગ્યાએ સમાધાનકારી વલણ અને છોડીને ભાગવાની વૃત્તિ, તથા આસ્થાની જગ્યાએ અંધશ્રદ્ધા તેમજ સંશોધન અને નિરીક્ષણની જગ્યાએ બાહ્ય આડંબર જીવનની દલીલ ઠરે છે.
- કોમોના જીવનમાં આ જ એ સ્થાન છે, જ્યાં તે શૈતાન માટે સરળ લક્ષ્ય બની જાય છે. શૈતાન પ્રત્યક્ષરૂપે ક્યારેય નથી કહેતો કે આવો, શિર્ક કરો, બલ્કે હંમેશા માનવીની પ્રાકૃતિક નબળાઈઓને તાકીને પ્રહાર કરે છે. પહેલા આંગળી પકડે છે અને પછી ધીમે-ધીમે ગરદન પર હાથ નાખે છે. કોમોની નબળી સ્થિતિમાં બાહ્ય રૂપે તાર્કિક લગતી અને નિર્દોષરૂપે પેદા કરવામાં આવેલ બૂરાઈ અને બગાડ (ચાહે તે આસ્થા હોય કે આચરણના) થી બચવું અને તેના વમળના ચક્કરમાંથી બહાર નીકળી આવવું ખૂબ જ મુશ્કેલ હોય છે.
- કોમો જ્યારે આ સ્થિતિએ પહોંચી જાય છે, તો પ્રમાણની સ્થાપના કર્યા પછી અલ્લાહ તઆલા તેમને નષ્ટ કરી નાખે છે.
- કોમોની ઉન્નતિ અને પડતીનું મૂળ કારણ તેમની આસ્થા અને આચરણથી જોડાયેલ હોય છે, ન કે ભૌતિક સાધનો અને વસ્તુઓથી.
- જ્યારે-જ્યારે દુનિયામાં સામૂહિક બગાડ પેદા થઈ જાય છે, તો અલ્લાહ તઆલા પોતાની દયાથી મનુષ્યોના માર્ગદર્શન માટે પયગંબરો અને રસૂલો (ઈશદૂતો) મોકલે છે.
- અલ્લાહના રસૂલોની સફળતાનું માપદંડ એ નથી કે તેમના પર કેટલા લોકો ઈમાન લાવ્યા. તેમની સફળતા એ છે કે તે અલ્લાહ તઆલા તરફથી સુપ્રત કરવામાં આવેલ જવાબદારીને મક્કમતાથી અને હૃદયપૂર્વક આરંભથી અંત સુધી અદા કરતા રહે છે.
- પયગંબરોના સંદેશ અને આમંત્રણના પરિણામ-સ્વરૂપ લોકો બે સમૂહોમાં વહેંચાઈ જાય છે — એક એ જેઓ ઈમાન લાવે છે, બીજા તેઓ જેઓ કુફ્ર કરે છે. આ સિવાય બીજી કોઈ વહેંચણી અસ્વીકાર્ય હોય છે. ઈમાન

www.uzaifalahi.com

અને કુફ્ર સિવાય સ્વીકાર અને ઇન્કારનો બીજો કોઈ આધાર નથી રહી જતો. તેથી પયગંબરનો પુત્ર હોવું કે પયગંબરના પિતા હોવું અથવા તેના સાથે કોઈ અન્ય નજીકનો સંબંધ, ઈમાન વગર, લાભદાયક નથી હોતો.

- પયગંબરો દ્વારા ઇસ્લામના આમંત્રણના સંઘર્ષનો ઇતિહાસ બતાવે છે કે શરૂઆતમાં તેમના પર ઈમાન લાવવાવાળા લોકો સમાજના નબળા, ગરીબ અને નિઃસહાય લોકો હોય છે. પ્રભાવશાળી વર્ગ, ધનવાનો અને ઉચ્ચ વર્ગના લોકો સામાન્યતઃ વિરોધ જ કરે છે.

- હઝરત નૂહ عليه السلام ના પ્રસંગમાં તેમની ઉંમર, તેમની નૌકાની સ્થિતિ કે તે કેટલી લાંબી અને કેટલી પહોળી હતી વગેરે ગૌણ વાતો અને વિગતો મોટાભાગે તફસીરો (કુર્આનના વિવરણો)માં જોવા મળે છે. જો કે તેમાંથી મોટાભાગની નોંધો પ્રમાણિત અને વિશ્વસનીય નથી. સામાન્ય રીતે તે એહલે-કિતાબ (યહૂદીઓ અને ખ્રિસ્તીઓ)ની નોંધોમાંથી ટાંકવામાં આવેલ છે, તેથી તેમાં અનેક મતભેદો અને વિરોધાભાસ છે. આપણે કુર્આનના વર્ણનો પર સંતોષ માનવો જોઈએ અને વધારે ખણખોદમાં ન પડવું જોઈએ. આપણું ધ્યાન એ વાત પર હોવું જોઈએ કે આ પ્રસંગોનું વર્ણન કરીને કુર્આન આપણને શું સમજાવવા માગે છે.

www.uzairfalahi.com